# અરવલ્લી જિલ્લા પોલીસ વડાની કચેરીથી ૧૦૦ મીટરના અંતરે મહિલાનો દોરો તોડી ચેઈન સ્નેચરો ફરાર

મોડાસા, તા.૨૭

અરવલ્લી જિલ્લાના વડામથકમાં મોડાસા શહેરમાં ચેઈન સ્નેચરોએ માઝા મુકી છે. મોડાસા શહેરના માર્ગો કે મકાનોમાં રોજની અંદાજે એક ઘટના ચોરીની અને દર આંતરે દિવસે અછોડા તોડી નાસી જતા બાઈક સવારોના કારણે મોડાસા શહેરની મહિલાઓ અને પ્રજાજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. કેટલાક લોકો આવી ઘટનાઓનો ઉકેલ આવતો ન હોવાથી પોલિસ ફરિયાદ પણ નોંધાવાની તસ્દી લેતા નથી.

મોડાસા શહેરમાં ગઈ કાલે રાત્રે ૮.૩૦ કલાકે મોડાસા શહેરના લોકોથી ભરચક એવા માલપુર રોડ પર આવેલી દિવાની અને ફોજદારી કોર્ટ આગળથી પસાર થતી મહિલા દિપિકાબેન જે. પાટીલ



પરિવાર સાથે ચાલવા નીકળ્યા હતા ત્યારે અચાનક ફુલ સ્પીડે બે બાઈકસવાર નજીક આવી મહિલાના ગળામાં પહેરેલો સોનાનો દોરો તોડી ફરાર થઈ ગયા હતા તેમણે અને તેમના પતિએ ચોર ચોરની બૂમો પાડતા લોકો ભેગા થઈ ગયા હતા. આ ઘટનાની જાણ પોલીસને થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી પરંતુ પોલિસ જવાનોની સ્થિતિ ઘોડા છુટી ગયા પછી તબેલાને બંધ કરવા જેવી પેદા થઈ હતી. ભેગા થયેલા લોકોએ પોલીસ સામે આક્રોશ સાથે જણાવ્યું હતું કે મોડાસા શહેરમાં સલામતી જેવું કંઈ નથી. જો મોડાસા શહેરમાં આવેલા મુખ્ય માર્ગો પર યોગ્ય બંદોબસ્ત ગોઠવવામાં આવે તો કોઈ પણ અછોડા તોડી ભાગી જનાર ચેઈન સ્નેચરો પકડાઈ જાય પરંતુ અરવલ્લી પોલિસને પ્રજાજનોની ચિંતા જ ન હોય તેવું પ્રજાજનો જણાવતા હતા. રોજ બરોજ અછોડા તોડવાની ઘટનાથી મહિલાઓમાં ભય વ્યાપી ગયો છે.

## વડીલોને વંદન
## અભિનંદન



પુષ્પાબેન રણજિતભાઈ દેસાઈ (૧૯૩૭) ફોન : ૨૩૨૩૪૯૮

## આદ્યભક્ત કવિ નરસિંહ મહેતાની પ્રતિમાને ફૂલહાર કરાશે

'સમગ્ર ગુજરાત નાગર પરિષદ' (મહામંડળ) તથા કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ, અમદાવાદનાં સંયુક્ત ઉપક્રમે ભક્ત કવિવરશ્રી નરસિંહ મહેતાશ્રીની ૬૦૦ મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે તા. ૨૮-૧૧-૨૦૧૪ને શુક્રવારે 'હરિ જયંતિ' પ્રસંગે સવારે ૯.૩૦ વાગ્યે 'નરસિંહ મહેતા સરોવર', વસ્ત્રાપુર લેઈક ખાતે નરસિંહ મહેતાને માજી મેયરશ્રી અને કર્ણાવતી નગરનાં નગરજનોને પધારવા જાહેર નિમંત્રણ છે.

## વિધાનસભામાં ઠક્કર બાપાના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાશે

રાજયની ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહેનાર રાષ્ટ્રના મહાનુભાવો અને આઝાદીની ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીઓના તૈલચિત્રો વિધાનસભા બિલ્ડીંગમાં મૂકવામાં આવેલ છે. આ મહાનુભાવોને તેમના જન્મદિવસે પુષ્પાંજલિ અર્પવાનું માનનીય અધ્યક્ષે નક્કી કરેલ છે. આગામી તા. ૨૯-૧૧-૨૦૧૪ના રોજ પૂજય ઠક્કરબાપાનો ૧૪૬મો જન્મદિવસ હોવાથી સવારના ૧૧-૦૦ કલાકે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલ પોડિયમમાં તેમના તૈલચિત્રને માનનીય અધ્યક્ષાશ્રી પુષ્પાંજલિ અર્પણ કરશે.



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા ખાતે આવેલી બાયપાસ ચોકડી પર આજે ટ્રક અને પેસેન્જર રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા ૧૦ તી વધારે લોકો ઘાયલ થયા છે આ તમામ ને ૧૦૮ ઈમજન્સી ધ્વારા તાત્કાલીક સારવાર અર્થે મોડાસા ની સાર્વજનીક હોસ્પીટલ માં ખસેડવામાં આવ્યા હતા જેમાં થી હેક ની હાલત ગંભીર હોવાનુ ડોકટરો ધ્વારા જણાવા માં આવ્યુ હતુ સદભાગ્યે આ અકસ્માત કોઈ ને જાનહાનીછ થઈ નહોતી જયારે પોલીસે ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજયમાં તાલુકા મથકોએ ૧૦મી ડિસેમ્બરથી ત્રણ દિવસ કૃષિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગુણોત્સવ કાર્યક્રમ બાદ હવે આગામી ડીસેમ્બરમાં ૧૦મીથી ત્રણ દિવસ માટે કૃષિ મહોત્સવનો નવો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વગતો મુજબ દર વર્ષે રાજયમાં કૃષિ રથનો કાર્યક્રમ મે મહીનામાં યોજવામાં આવે છે પરંતુ આ વખતે રાજય સરકારે રવિ ઋતુ માટે કૃષિ મહોત્સવનો નવો કાર્યક્રમ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ડિસેમ્બરમાં તા. ૧૦-૧૧ અને ૧૨ એમ ત્રણ દિવસ રાજયના તમામ તાલુકાઓમાં ખેડૂતોને આધુનિક ખેતી માટે કૃષિ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે અને તાલીમ સેમિનારો યોજવામાં આવનાર છે.

આ ઉપરાંત આ કૃષિ મહોત્સવ દરમિયાન કૃષિ ક્ષેત્રને લગતી ખેડૂતો માટે અમલી બનાવવામાં આવેલી જુદી જુદી યોજનાઓ અંતર્ગત ખેડુતોને સહાયના ચેકોનું પણ વિતરણ કરવામાં આવનાર છે. જો કે આ મહોત્સવ દરમિયાન ખેડુતોને બિયારણની કિટોનું વિતરણ કરવામાં આવનાર નથી. કૃષિ મહોત્સવ રાજયમાં બે તબક્કામાં યોજવામાં આવનાર છે. આ મહોત્સવમાં રાજયમંત્રી મંડળના મંત્રીઓ તાલુકા મથકોએ યોજાનાર માર્ગદર્શન તાલીમ શિબિરોમાં ઉપસ્થિત રહેશે.

## દસકોશી વણકર સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નાની દસકોશી અઢાર ગામ વણકર સમાજનું સ્નેહમિલન યોજવામાં આવશે. સમારોહમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરાશે. આગામી ૩૦ નવેમ્બર રવિવાર બપોરે ૧-૦૦ વાગે સમાજભવન-૧, સમતા સોસાયટી, સ્વસ્તિક બંગ્લોઝ સામે રખિયાલ, અમદાવાદ ખાતે યોજાશે. કાર્યક્રમની વધુ વિગતો માટે દશરથલાલ પરમાર પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર-૨-બી ખાતે સંપર્ક કરવા જણાવ્યું છે.

# અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આચાર્યોનું શૈક્ષણિક-વહીવટી અધિવેશન યોજાયું

મોડાસા, તા.૨૭

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલ મ.લા.યા ગાંધી કેમ્પસમાં આવેલ ભામાશા હોલમાં



અરવલ્લી જિલ્લા શિક્ષણાધીકારી કચેરીના સંયુકત ઉપક્રમે અરવલ્લી જીલ્લાના તેમજ સાબરકાંઠા જિલ્લાના આચર્યશ્રીઓનુ વહિવટી તેમજ શૈક્ષણિક અધિવેશન યોજાયુ હતુ તેમજ પરીક્ષા માં સારો દેખાવ કરનાર તેજસ્વી વીદ્યાર્થીઓનુ સન્માન કરી ઈનામ આપવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

આ કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે રાજયકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થીત રહયા હતા અને તેમના દ્વારા દીપ પ્રાગ્ટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થીત મહેમાનોનુ બાળાઓએ સ્વાગત ગીત કરીને સ્વાગત કરવામાં આવ્યુ હતુ તેમજ ઉપસ્થછત આમંત્રીત મહેમાનોનુ ફુલહારથી સ્વાગત કરી મોમેન્ટો આપી સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અરૂણભાઈ શાહ, બીપીનભાઈ શાહ, સુભાષધાઈ શાહ, ગુજરાત રાજય આચાર્ય સંઘના મહામંત્રી માગરોલીયા, જિલ્લા શિક્ષણાધિકારી અરવલ્લી અર્જુનસિંહ ઝાલા, સા.કા.ના ઈન્ચાર્જ શિક્ષણાધિકારી પી.કે.ત્રીવેદી તેમજ અરવલ્લી જિલ્લાની અને સાબરકાંઠા જિલલાની માધ્યમીક અને ઉ. માધ્યમીક શાળાઓના આચાર્યશ્રીઓ ઉપસ્થીત રહયા હતા. જયારે ધો.૧૦ અને ૧૨ માં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ અને ઈનામ પણ આપવામાં આવ્યા હતા.

## રાયલાના પ્રતિનિધિઓએ રાજપુર ગામની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર પાસે આવેલ ભાટ ખાતે રોટરી કલબ દ્વરા આઈ રાયલા કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. જેમાં ૧૭ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો છે. પ્રતિનિધિઓએ રાજપુર ગામની મુલાકાત લીધી હતી.



શાળાની માહિતી મેળવી હતી.


ગાંધીનગર પાસે આવેલા રાજપુર ગામની શાળાની મુલાકાત આઈ-રાયલાના પ્રતિનિધિઓએ લીધી હતી. રોટલી કલબ દ્વારા આઈ-રાયલા કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. કાર્યક્રમમાં ૧૭ દેશોના પ્રતિનિધિઓ તેમજ ભારત દેશના અલગ અલગ રાજયના યુવાનો ઉપસ્થિત રહ્યા છે.

રોટરી કલબના સભ્ય બિંદુબા ઝાલાએ ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં શિક્ષણની સમસ્યાઓ વિશે વકતવ્ય રજુ કર્યું હતું. પ્રતિનિધિઓએ શાળાની કાર્ય પધ્ધતિને નિહાળી હતી. આ પ્રસંગે ડૉ. જગદીશ પટેલ, સમીર પંડયા અને શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.



પ્રાંતિજ નેશનલ હાઈ-વે ત્રણ રસ્તા પાસે પૂર્વ ધારાસભ્ય જયસિંહ ચૌહાણના ફંડમાંથી મુકવામાં આવેલ બેઠક માટેનો બાંકડો કોઈ શખ્સ મુખ્ય માર્ગ ઉપર આવેલ રેલીંગ પાસે મુકી ગયો છે. આથી આજકાલ મુસાફરો સહિત ટ્રાફિક પોલીસ પણ આ બેઠક માટેના બાંકડાનો ઉપયોગ કરે છે. આ સુવિધાના માથે યમરાજની સવારી ક્યારે કયા સમયે આવે તે નવાઈ નહી પણ જેના શિરે જવાબદારી છે. તે હાઈ-વે ઓથોરીટી કોઈ ઘટના બનવાની રાહ જોઈને બેઠુ હોય તેવું હાલ જણાઈ રહ્યું છે. (તસવીર : સંજય રાવ, પ્રાંતિજ)

# શબ્દાવલી - ૫૫૭૩



**આડી ચાવી**

૧. રેલી, શોભાયાત્રા (૪)
૪. પુનમ પહેલાની તિથિ (૩)
૭. દાન કે પૈસા વગર (૩)
૯. મોકો, તક (૨)
૧૦. એક પંખીની જોડી જે જુદી પડે તો ઝુરી ઝુરીને મરી જાય(૬)
૧૧. ધાર કાઢવાનું યંત્ર કે સાધન (૩)
૧૬. દૂર્યોધનના મામા શકુની(૬)
૧૭. હિન્દી ફિલ્મમાં... વિલનનો રોલ કરે છે (૨)
૧૮. ચાકડો (૨)
૧૯. પરસ્પર (૬)

**ઊભી ચાવી**

૧. કસરત તથા જાનવરોનો તમાસો-ખેલ (૪)
૨. ભયંકર યુદ્ધ (૪)
૩. યાત્રા (૩)
૫. દલાલી કરનાર (૩)
૬. ચુલો, ગેસની... (૩)
૮. તપાસ શબ્દ આડો અવળો (૩)
૧૨. પાટનગર (૪)
૧૩. ફિલ્મ-નાટકમાં ઘણા અભિનેતા... અભિનય કરે છે(૪)
૧૪. પત્તા (૨)
૧૫. ખુબ તોફાની તોફાની...(૪)
૧૬. શેરડી (૩)
૧૮. '૪' ની સંખ્યા (૨)

## શબ્દાવલી ૫૫૭૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઇનકાર (૩) વખત (૬) અધુરપ (૭) રાબડી દેવી (૮) રવ (૧૨) તતડાવવું (૧૪) મહેનત (૧૫) ઇલુ (૧૬) કાન (૧૭) સામો (૧૯) રજો (૨૧) મત (૨૨) ટકોર

**ઊભી ચાવી :-** (૧) ઇકરાર (૨) કાપડીયો (૩) વધુ (૫) ખરવુ (૫) તપ (૬) અવીરત (૯) વડાઇ (૧૦) નવું (૧૧) મહેનત (૧૨) તલસાટ (૧૩) વલુર (૧૪) મકામ (૧૮) મોકો (૨૦) જોમ

# સમસ્ત રાવળયોગી સમાજના યુવાનોની પાલોદરથી બાલારામ બાઈક રેલી યોજાઈ

મહેસાણા, તા.૨૭

જોગણી જોગમાયાના સ્થાનક પાલોદર ગામથી મહેસાણા, ઊંઝા, સિધ્ધપુર, પાલનપુર સુધીની ૧૦૦ કીમીની બાઈક રેલીનું સમસ્ત ગુજરાત રાવળયોગી સમાજના યુવાનો દ્વારા તાજેતરમાં બાઈક રેલી યોજાઈ હતી. જેમાં ૫૦૦થી વધારે યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ બાઈક રેલીને સફળ બનાવીને સંગઠન શકિતનું ઉદાહરણ પુરું પાડયું હતું.

યુવાનોમાં જાગૃતિ લાવવા સંગઠીત થવા વ્યસનમુકિત સમાજ ઉપયોગી કામોની પ્રેરણા આપવાના આશયથી આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીને મહેસાણાના સરકારી વકીલ ચંદનસિંહ રાજપુત તથા ડીવાયએસપી ત્રિવેદીએ સંબોધતા જણાવ્યું હતું કે જો યુવાનોમાં વ્યસન મુકત સમાજ તે સ્વચ્છ સમાજ દારુનું વ્યસન હશે તો સમાજનો વિકાસ થશે નહી તેમ જણાવ્યું હતું. દારુનું સેવન કરશો નહી અને દારુનું સેવન કરવા દેશો નહી તેવાઓને મદદ કરશો નહી એવી યુવાનોને શીખ આપી હતી.

## આંદોલન કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુંહતુંકે જો રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવવામાં નહી આવે તો આગામી દિવસોમાં કર્મચારી મહામંડળ દ્વારા સરકાર સામે વિરોધ વ્યક્ત કરવા આશ્ચર્યજનક કાર્યક્રમો આપવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે છઠ્ઠા પગારપંચ અંતર્ગત કેટલાક લાભો આપવામાં આવ્યા નથી જે ભલામણોનો અમલ કરીને લાભ આપવા સહીતના પ્રશ્નો સરકાર સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

## ફોટા મોકલાવાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત નવા સેક્ટરોમાંથી પણ ફરિયાદો વ્યાપક પ્રમાણમાં મળી હતી. ખાસ કરીને સે. ૧૨, ૧૩, ૧૭, ૨૨, ૨૦, ૩૦ માંથી તેમજ સે. ૨,૪,૬,૮ માંથી પણ આવી ફરિયાદો મળી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા કલેક્ટરશ્રીને મળેલ ફરિયાદોને પગલે આજે સે. ૨૧ના શાકમાર્કેટમાં તંત્ર ત્રાટક્યુ હતુ અને ૨૦ જેટલા ઈસમો સામે દંડનીય કાર્યવાહી કરી ૧૫ હજાર જેટલી રકમ વસુલવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

કોર્પોરેશનના સત્તાવાળાઓ પણ હવે સફાઈના મુદ્દે હરકતમાં આવ્યા છે. તેમણે દંડનીય કાર્યવાહી વધુ કડક બનાવવા માટેનું મન બનાવી લીધુ છે.

બીજી તરફ શહેરમાં ચાલી રહેલી દબાણ હટાવ ઝુંબેશને અસરકારક બનાવવા માટે વિડીયોગ્રાફી કરી ખુલ્લી થયેલી જગ્યાનું છેલ્લુ ચિત્ર રજુ કરવાના પણ આદેશો જારી કરવામાં આપ્યા છે. જો કે ઘણા બધા સેક્ટરોમાં દબાણો હતા તેમને તેમ પુનઃ ગોઠવાઈ ગયાની ફરિયાદો ઉઠવા પામી છે. આજે કલેક્ટરને આવી ફરિયાદો પણ મળી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરને ૩૧ ડિસેમ્બર સુધીમાં સ્વચ્છ શહેર બનાવવા માટે ઉચ્ચ કક્ષાએથી કડક તાકીદ કરવામાં આવી છે. આ માટે ગાંધીનગર મનપાના સફાઈ કામદારો ઉપરાંત ૫૦ જેટલા રોજમદારો તેમજ વન વિભાગ અને માર્ગ-મકાન વિભાગના રોજામદારો પણ કામે લાગી ગયા છે. આગામી દિવસોમાં આ અભિયાન વધુ સઘન બનશે તેમ મનાઈ રહ્યું છે.

કોર્પોરેશન દ્વારા સફાઈ માટે કદાચ બહારથી પ્રતિનિયુક્તી પર સફાઈ કામદારો લાવવાની દરખાસ્ત પણ સરકારમાં કરવામાં આવે તેમ મનાઈ રહ્યું છે.

# યુપીએસસી દ્વારા ૨૦૧૫નું પરીક્ષા કેલેન્ડર જાહેર કરાયું

## યુપીએસસીની પરીક્ષાઓ ૧૧મી જાન્યુઆરીથી શરૂ થશે

અમદાવાદ, તા.૨૭

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા વર્ષ ૨૦૧૫ની પરીક્ષાનું કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. આ કેલેન્ડર પ્રમઆણે વર્ષ ૨૦૧૫માં યુપીએસસીની કોમ્પિટીશન પરીક્ષા ૧૧મી જાન્યુઆરીથી લેવામાં આવશે. ત્યારબાદ અન્ય પરીક્ષાઓ માર્ચ અને ડિસેમ્બર મહિનામાં લેવામાં આવશે જેમાં યુપીએસસીની પ્રિલમરી, મેઈન સહિતની પરીક્ષાઓનો સમાવેશ થાય છે. દેશમાં આઈએએસ, આઈપીએસ સહિતના મહત્વના કલાસવન સરકારી અધિકારીઓની ભરતી કરવા માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા દર વર્ષે યુપીએસસીની પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે ત્યારે આગામી વર્ષે ૨૦૧૫માં લેવાનાર પરીક્ષાઓનું કેલેન્ડર યુપીએસસી દ્વારા જાહેર કરી દેવામાં આવ્યું છે. યુપીએસસી દ્વારાઉ જાહેર કરવામાં આવેલ વાર્ષિક કેલેન્ડર મુજબ વર્ષ ૨૦૧૫માં યુપીએસસીની કોમ્પિટીશન પરીક્ષાનો પ્રારંભ ૧૧મી જાન્યુઆરીએ થશે. આજ સમયે રાજયની વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા પણ પરીક્ષા લેવામાં આવતી હોવાથી વિદ્યાર્થીઓએ કોલેજની પરીક્ષાઓની સાથે સાથે યુપીએસસીની પરીક્ષા પણ આપવી પડશે. બંને પરીક્ષાઓની એક સાથે તૈયારી પણ કરવી પડશે. યુપીએસસીની પરીક્ષા કુલ ત્રણ તબક્કામાં લેવામાં આવશે જેમાં પ્રિલમરી પરીક્ષા જાન્યુઆરીમાં અને ત્યારબાદ માર્ચ અને ડિસેમ્બર મહિનામાં લેવામાં આવશે. યુપીએસસી દ્વારા પરીક્ષાનુંકેલેન્ડર જાહેર કરી દેવામાં આવતા હવે યુપીએસસીની પરીક્ષા આપવા માંગતા ઉમેદવારોને પરીક્ષાની તૈયારી કરવામાં વધુ સરળતા રહેશે.

## દૂધની નદીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉત્પાદન વધ્યુ છે આમ છતાં ગ્રાહકોને સસ્તુ દૂધ મળતું નથી. એમાંય છેલ્લા બે વર્ષથી તો દૂધનાં ભાવ એટલી વખત વધ્યા છે જેટલી વખત ડીઝલ-પેટ્રોલના ભાવ ઘટ્યા છે ! આજથી બે-અઢી વર્ષ પહેલાં અમૂલ ગોલ્ડની થેલી ૧૪ થી ૧૫ રૂપિયે મળતી હતી તેનો આજનો ભાવ ૨૩ રૂપિયા છે અને અમૂલ તાઝા જે ૮-૯ રૂપિયે મળતું તેના ૧૭ રૂપિયા આપવા પડે છે. છાશ પણ હવે ફૂંકી ફૂંકીને પીવી પડે તેમ છે. પાંચ રૂપિયાનું છાશની થેલીને હવે ૧૦ થી ૧૧ રૂપિયા આપવા પડે છે. ઉત્પાદન અપાર છતાં ટીપાં દૂધ રૂપિયા આપવા પડે છે. ઉત્પાદન અપાર છતાં ટીપાં દૂધ માટે ગરીબનાં છોરૂ ટટળે એને શ્વેતક્રાંતિ કહેવાય ? મધ્યમવર્ગના પરિવારોને દૂધ લેવા ઘરનાં અન્ય બજેટમાં કાપ મુકવો પડે તેવી હાલત હોવા છતાં શ્વેત ક્રાંતિની વાતો જ કરવાની..!

શ્વેતક્રાંતિના નામે મધ્યમ વર્ગીય પરિવારોની હાંસી ઉડાવાતી હોય તેમ દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુ દૂધ-છાશના ભાવ એટલા વધારી દેવાયા છે કે દૂધની જરૂરીયાતને પહોંચી વળવા મધ્યમવર્ગીય પરિવારોને બજેટ પર કાપ મુકવો પડે છે. અથવા દૂધનો વપરાશ ઘટાડવો પડે છે. બાળકો અને મહિલાઓમાં કુપોષણનું પ્રમાણ વધ્યું છે. દૂધ ઉત્પાદન વધ્યુ છે તો તેનો લાભ ભાવમાં ઘટાડો કરી મધ્યમ અને ગરીબ વર્ગ સુધી પહોંચાડવામાં આવતો નથી. ઉત્પાદન વધે તેમ ભાવ ઘટે તેવું સાદુ અર્થશાસ્ત્ર દૂધને કેમ લાગુ પડતુ નથી. ડિઝલના ભાવો વધ્યા ત્યારે ભાવોનું બહાનુ આગળ કરી દૂધના ભાવો વધારી દેવાયા હતા હવે જ્યારે ડિઝલનો ભાવ ઘટ્યો છે તો દૂધના ભાવમાં કેમ એક-બે રૂપિયાનો ઘટાડો કરવામાં આવતો નથી તે મધ્યમવર્ગીય પરિવારોને સમજાતુ નથી.

## દવા ગટગટાવી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે વ્યાજખોરોએ તેને ઉભો રાખીને જાહેરમાં માતા-દિકરાની સામે માર માર્યો હતો અને રૂપિયા એક દિવસમાં નહી ચુકવે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. વ્યાજખોરોના ત્રાસથી ગભરાઈને કંટાળી ગયેલા વિનોદે ઘરે જઈને ઉંદર મારવાની દવા ગટગટાવી લીધી હતી. તાત્કાલિક તેને ગંભીર હાલતમાં ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. હાલ તે હોસ્પિટલમાં દાખલ છે. પોલીસ દવા પી જવા પાછળનું નિવેદન નોંધીને ગઈ પરંતુ મરજી મુજબ નિવેદન નોંધીને યુવાને જે કહ્યુ તેનાથી તદન વિરૂદ્ધનું લખીને પોલીસ ગઈ હોવાનો આક્ષેપ યુવાને કર્યો છે. વ્યાજખોરોને પોલીસ છાવરી રહી હોવાનો આક્ષેપ યુવાને કર્યો છે.

**ટુંકી નિવિદા નં.૨ સને ૨૦૧૪-૨૦૧૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨-૫૯૫૧૮) દ્વારા વીજળીકરણને લગતા ૪ (ચાર) કામોની અંદાજીત કિંમત રૂ. ૧૭૮૫૧.૭૫ થી રૂ. ૯૧,૫૦૦.૯૫ સુધીની છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૯/૧૧/૨૦૧૪ છે. અને પરત મેળવવાની છેલ્લી તા. ૩/૧૧/૨૦૧૪ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

**માહિતી/૧૭૮૯/૧૪-૧૫**